તા. 21-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 21-07-2024 સવારે : 7.45 થી 7.55

વાર : રવિવાર

## આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે વિશ્વ ધરોહર સમિતિના 46મા સત્રનું ઉદ્ઘાટન કરશે.
- ✓ સંસદના અંદાજપત્ર સત્ર પહેલા સરકારે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી.
- ✓ CBI એ NEET પેપર ગેરરીતિ મામલે વધુ ત્રણ લોકોની ધરપકડ કરી.
- ✓ કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે ગુજરાત સહિતના રાજ્યોના ચાંદીપુરા વાઈરસના કેસની સમીક્ષા કરી.
- ✓ પોલેન્ડમાં ચાલી રહેલી ઉનાળુ એથ્લેટિક્સમાં 3 ખેલાડીએ સુવર્ણ ચંદ્રક જીત્યા.
- ✓ મહિલા એશિયા કપ T-20 ક્રિકેટમાં આજે ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે મેચ રમાશે.

……………………………………….

તા. 21-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# *PM - WORLD HERITAGE*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે 7 વાગ્યે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વિશ્વ ધરોહર સમિતિના 46મા સત્રનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે શ્રી મોદી સભાને પણ સંબોધિત કરશે. ભારત પ્રથમ વખત વિશ્વ ધરોહર સમિતિની બેઠકનું આયોજન કરી રહ્યું છે.

આ બેઠક 31 જુલાઈ સુધી ચાલશે. વિશ્વ ધરોહર સમિતિ વર્ષમાં એક વાર મળે છે અને તે તમામ વિશ્વ ધરોહર-સંબંધિત બાબતોનું સંચાલન કરવા અને વિશ્વ ધરોહર યાદીમાં સમાવિષ્ટ સ્થળો અંગે નિર્ણય લેવા માટે જવાબદાર છે.

આ દરમિયાન વિશ્વ ધરોહર યાદીમાં નવી જગ્યાઓ નક્કી કરવા, હાલની 124 વિશ્વ ધરોહર સંપત્તિઓના સંરક્ષણની સ્થિતિ અંગે અહેવાલ, આંતરરાષ્ટ્રીય સહાય અને વિશ્વ ધરોહર ભંડોળના ઉપયોગ સહિત અન્ય દરખાસ્તો પર ચર્ચા કરવામાં આવશે.

..................................................

# *PM- WORLD HERITAGE – MESSAGE*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ ધરોહર સમિતિની બેઠકની યજમાની કરવાની તક ભારતને મળવા બદલ ખુશી વ્યક્ત કરી છે.

સામાજિક માધ્યમના એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, ભારત પ્રથમ વખત સમિતિની અધ્યક્ષતા કરી રહ્યું છે અને તેઓ સાંજના કાર્યક્રમની રાહ જોઈ રહ્યા છે. શ્રી મોદીએ કહ્યું કે આ બેઠક દેશની ધરોહરની જાળવણી માટે વૈચારિક આદાન-પ્રદાન માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે.

..................................................

તા. 21-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# *ALL PARTY MEET*

સરકારે સંસદના અંદાજપત્ર સત્ર પૂર્વે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. બેઠક દરમિયાન સરકાર સંસદના બંને ગૃહોનું કામકાજ સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષો પાસેથી સહકાર માગશે.

આવતીકાલથી શરૂ થનારું બજેટ સત્ર 12 ઓગસ્ટ સુધી ચાલશે. 23મી જુલાઈના રોજ કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કરવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું આ પહેલું અંદાજપત્ર હશે. ગયા મહિને સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ અંદાજપત્ર સરકારની દૂરોગામી નીતિઓ અને ભવિષ્યનાં અભિગમનો અસરકારક દસ્તાવેજ હશે.

..................................................

# *CBI - NEET – UG*

કેન્દ્રિય તપાસ સંસ્થા -CBI એ સ્નાતક મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રાષ્ટ્રીય પાત્રતા પ્રવેશ પરીક્ષા - NEET પેપર ગેરરીતિ મામલે વધુ ત્રણ લોકોની ધરપકડ કરી છે. જેમાંથી બે વ્યક્તિઓ રાજસ્થાનની ભરતપુર મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ છે.

આ બંને આરોપીઓ પાંચમી મેના રોજ લેવાયેલી નીટ પરીક્ષાના દિવસે ઝારખંડના હજારીબાગમાં હાજર હોવાની પુષ્ટિ થઈ છે. ધરપકડ કરાયેલો ત્રીજો વ્યક્તિ પેપર લીક કરનારને તમામ પ્રકારની મદદ કરતો હતો.

..................................................

તા. 21-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# *HEALTH AES*

ચાંદીપુરા વાયરસનાં કેસો ચોમાસાની ઋતુમાં દેશનાં પશ્ચિમ,મધ્ય અને દક્ષિણ ભાગોમાં જોવા મળતાં હોય છે. આ વર્ષે જૂન મહિનાથી ગુજરાતમાં 15 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોમાં ચાંદીપુરાનાં 75 કેસ સામે આવ્યા છે. જયારે બે કેસ રાજસ્થાનમાં અને એક કેસ મધ્યપ્રદેશમાં નોંધાયાં છે. આ રોગચાળાથી અત્યારસુધીમાં કુલ 28 વ્યક્તિઓના મોટ નિપજ્યા હોવાની સત્તાવાર માહિતી છે.

આ અંગે આરોગ્ય સેવા મહાનિદેશક અતુલ ગોયલે ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ચાંદીપુરા વાયરસ અને એક્યુટ એન્સેફ્લાઈટીસ સિન્ડ્રોમ એટલે કે એ.ઈ.એસ.નાં કેસોની સમીક્ષા બેઠક યોજી હતી. આ સમીક્ષા બેઠકમાં ગુજરાતમાં વકરેલા રોગચાળાનાં કેસો અંગે ઊંડાણપૂર્વકના અધ્યન પર નિષ્ણાતોએ ભાર મુક્યો હતો.

કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતુંકે, ગુજરાતના કેસોની તપાસ માટે નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ, અને પશુપાલન અને ડેરી વિભાગની કેન્દ્રીય ટીમોને જવાબદારી સોંપાઈ છે. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે, ચેપ લાગવાથી એક્યુટ એન્ફેસાઇટિસ ફેલાયાનું પ્રમાણ સમગ્ર દેશમાં ખુબ જ ઓછું છે. પરંતુ આ સંક્રમણ વાયરસ, બેક્ટેરિયા, ફંગસ અને પેરાસાઈટથી વધુ ફેલાય છે.

.................................................

# *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

તા. 21-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલો કરી શકો છો...

..................................................

## GURU PURNIMA

આજે ગુરુ પૂર્ણિમા છે. તેને વ્યાસ પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસ આધ્યાત્મિક ગુરુઓ અને આચાર્યોને સમર્પિત છે. આ પ્રસંગે લોકો તેમના ગુરુઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે કે, જેમણે તેમને માર્ગદર્શન આપ્યું અને જીવનને નવી દિશા આપી.

ભગવાન બુદ્ધે જ્ઞાન પ્રાપ્તિ પછી બોધગયાથી સારનાથ સુધીની યાત્રા કરી અને આ દિવસે તેમનો પ્રથમ ઉપદેશ આપ્યો હતો. તેથી, આજનો દિવસ બુદ્ધના અનુયાયીઓ માટે પણ કૃતજ્ઞતાનો દિવસ છે.

..................................................

## NEPAL- PM

નેપાળના નવનિયુક્ત પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલી આજે સંસદમાં વિશ્વાસ મત હાંસલ કરશે. સીપીએન- યુએમએલના પ્રમુખ શ્રી ઓલીએ 15મી જુલાઈએ તેમના ચોથા કાર્યકાળ માટે પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા.

નેપાળના બંધારણ મુજબ, શ્રી ઓલીએ તેમની નિમણૂકના 30 દિવસની અંદર વિશ્વાસ મત મેળવવો આવશ્યક છે. રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે સંસદમાં સૌથી મોટી પાર્ટી નેપાળી કોંગ્રેસ સાથે ગઠબંધન સરકારનું નેતૃત્વ કરવા માટે શ્રી ઓલીને પ્રધાનમંત્રી તરીકે નિયુક્ત કર્યા હતા. શ્રી ઓલીએ પુષ્પ કમલ દહલ પ્રચંડનું સ્થાન લીધું છે, જેઓ ગયા અઠવાડિયે સંસદમાં વિશ્વાસ મત જીતવામાં નિષ્ફળ રહ્યા હતા.

તા. 21-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

નેપાળની 275 સભ્યોની સંસદમાં સરકાર બનાવવા માટે 138 સભ્યોની બહુમતી જરૂરી છે. નેપાળી કોંગ્રેસ અને સીપીએન-યુએમએલ પાસે 166 સભ્યો છે. આ સિવાય અન્ય ઘણા પક્ષોનું પણ સમર્થન છે.

.................................................

# *UTARAKHAND RAIN*

હવામાન વિભાગની આગાહી અનુસાર ઉત્તરાખંડ રાજ્યમાં આગામી 48 કલાકમાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. રાજ્યનાં ચંપાવત, નૈનીતાલ, ઉધમ સિંહ નગર, બાગેશ્વર, અલમોડા, પિથોરાગઢ અને પૌરી જિલ્લાઓમાં આજે અને આવતીકાલ માટે ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરાયું છે.

જયારે પાટનગર દેહરાદૂન સહિત ગઢવાલના મોટાભાગના જિલ્લાઓમાં ભારે વરસાદ માટે યલો એલર્ટની ચેતવણી હવામાન વિભાગે આપી છે. સંભવિત વરસાદની શક્યતા વાળા વિસ્તારોમાં સાવચેતીના પગલાં લેવા તેમજ નદીઓ, નાળાઓ નજીક લોકોની અવરજવર ઓછી રહે તે માટે તકેદારી રાખવા સંબંધિત જિલ્લા વહીવટી તંત્રને ખાસ તાકીદ કરાઈ છે.

.................................................

# *SUMMER ATHLETICS*

પોલેન્ડની રાજધાની વર્સોઈમાં ચાલી રહેલી ઉનાળુ એથ્લેટિક્સ સ્પર્ધામાં કિરણ પહલે મહિલાઓની 200 મીટર દોડ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તેણે આ દોડ 23.33 સેકન્ડમાં પૂરી કરી, જે આ વર્ષે અત્યાર સુધીનું કોઈ ભારતીયનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

તા. 21-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

સ્પર્ધામાં મહિલાઓની 100 મીટર દોડમાં જ્યોતિ યારાજીએ દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. ઓલિમ્પિકમાં મહિલાઓની 100 મીટર દોડમાં ભાગ લેનારાં તેઓ પ્રથમ ભારતીય હશે. જ્યોતિકા દાંડીએ મહિલાઓની 400 મીટર સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

બીજી તરફ પુરુષોની 400 મીટર સ્પર્ધામાં રાજેશ રમેશે સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ જ સ્પર્ધામાં મુહમ્મદ અજમલ ત્રીજા અને મોહમ્મદ અનસ યાહિયા ચોથા ક્રમે રહ્યા હતા.

..................................................

# *WOMEN'S ASIA CUP*

મહિલા એશિયા કપ T-20 ક્રિકેટમાં શ્રીલંકાના રંગિરી દામ્બુલા ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં આજે ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે મેચ રમાશે. આ મેચમાં ભારતની જીત સેમીફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરશે. મેચ ભારતીય સમય અનુસાર બપોરે 2 વાગ્યે શરૂ થશે.

દરમ્યાન યજમાન શ્રીલંકાએ ગઈકાલે બાંગ્લાદેશને સાત વિકેટે હરાવ્યું હતું. વિશામી ગુણરત્નેની અડધી સદીની મદદથી શ્રીલંકાએ માત્ર 17 ઓવર અને એક બોલમાં જીત મેળવી હતી. બાંગ્લાદેશ માટે નાહિદા અખ્તરે ત્રણ વિકેટ ઝડપી હતી.

પ્રથમ બેટિંગ કરતા બાંગ્લાદેશે 20 ઓવરમાં આઠ વિકેટે 111 રન બનાવ્યા હતા. શ્રીલંકા તરફથી ઉદેશિકા પ્રબોધિની અને ઈનોશી પ્રિયદર્શિનીએ બે-બે વિકેટ લીધી હતી. વિશ્મી ગુણરત્નેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યાં હતાં.

..................................................